ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ બીજ મંગળવાર ૧૬ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૯

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

ઈરાન-અમેરિકા વચ્ચે શાંતિ કરાર: 19મીએ હસ્તાક્ષર

૧૪ મુદ્દાના કરારમાં શું શું છે?

ઇરાનની અર્ધ સત્તાવાર સમાચાર એજન્સી મેહર ન્યૂઝ એજન્સી ના અહેવાલ મુજબ, સૂચિત એમઓયુમાં ૧૪ કલમો સામેલ છે, જે ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે વ્યાપક પતાવટ અને ભવિષ્યની વાટાઘાટો માટેના આધાર તરીકે કામ કરશે.

» **યુદ્ધ પર કાયમી અને તાત્કાલિક રોક:** લેબનોન સહિત તમામ મોરચે યુદ્ધ પર કાયમી અને તાત્કાલિક રોક લગાવવી.
» **આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ નહીં:** ઈરાનની આંતરિક બાબતોમાં દખલ ન કરવાની અને ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનની સાર્વભૌમત્વનું સન્માન કરવાની અમેરિકાની પ્રતિબદ્ધતા.
» **નૌકાદળની નાકાબંધી હટાવવી:** ૩૦ દિવસની અંદર નૌકાદળની નાકાબંધી સંપૂર્ણપણે હટાવી લેવી.
» **અમેરિકી સૈન્યની પીછેહઠ:** ઈરાનની આસપાસના વિસ્તારોમાંથી પોતાના સૈન્યને પાછું ખેંચવા માટેની અમેરિકાની પ્રતિબદ્ધતા.
» **હોર્મુઝની સામુદ્રધુની:** ઈરાનની "વ્યવસ્થાઓ" હેઠળ ૩૦ દિવસની અંદર હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવી.
» **પ્રતિબંધોમાંથી મુક્તિ:** તેલ, પેટ્રોકેમિકલ ઉત્પાદનો અને તેનાથી બનતી અન્ય ચીજો પરના પ્રતિબંધો સ્થગિત કરવા, તેમજ તેનાથી થનારી નાણાકીય આવકનો સંપૂર્ણ ઉપયોગ કરવાની ઈરાનને મંજૂરી આપવી.
» **પુનઃનિર્માણ યોજનાઓ:** યુએસ અને તેના સહયોગી દેશો દ્વારા ઈરાન માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ ડોલરની પુનઃનિર્માણ યોજનાઓ રજૂ કરવાની અનિવાર્યતા.
» **પરમાણુ અને પ્રતિબંધોની સમયસીમા:** પરમાણુ મુદ્દાઓ અને યુએસના પ્રાથમિક તથા ગૌણ પ્રતિબંધો તેમજ યુએન સુરક્ષા પરિષદ અને આઈએઈએ બોર્ડ ઓફ ગવર્નર્સના પ્રસ્તાવોને સંપૂર્ણપણે હટાવવા પર અંતિમ કરાર સુધી પહોંચવા માટે ૬૦ દિવસનો વાટાઘાટોનો સમયગાળો નક્કી કરવો.
» **પરમાણુ અપ્રસાર:** પરમાણુ શસ્ત્રોનું ઉત્પાદન ન કરવા અંગે પરમાણુ અપ્રસાર સંધિ હેઠળ ઈરાનની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર.
» **યુદ્ધવિરામ દરમિયાનના નિયંત્રણો:** ૬૦ દિવસના વાટાઘાટોના ગાળા દરમિયાન, અમેરિકા આ વિસ્તારમાં સૈન્યબળ નહીં વધારે અને કોઈ નવા પ્રતિબંધો લાગુ નહીં કરે તેવી પ્રતિબદ્ધતા.
» **જપ્ત કરાયેલું ભંડોળ:** ૬૦ દિવસના વાટાઘાટોના સમયગાળા દરમિયાન ઈરાનના જપ્ત કરાયેલા ૨૪ અબજ ડોલરના ભંડોળને મુક્ત કરવું. જેમાં સૌથી

...અનુસંધાન પાના 15 પર

કરાર થઇ ગયો હોવાની અમેરિકા, ઇરાન અને મધ્યસ્થી પાકિસ્તાનની જાહેરાત

અમેરિકી પ્રમુખ ટ્રમ્પે ઇરાન સામેની નાકાબંધી દૂર કરવાનો પણ અમેરિકી નૌકાદળને આદેશ આપ્યો, કરાર પર હસ્તાક્ષર થયા બાદ હોર્મુઝ ખુલી જશે

૧૯મી જૂન, શુક્રવારે સ્વીત્ઝર્લેન્ડમાં કરાર પર હસ્તાક્ષર થશે

વોશિંગ્ટન/ઇસ્લામાબાદ, તા. 15: પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૦૭ દિવસ ચાલેલા યુદ્ધનો અંત લાવવા માટે એક કરારને અંતિમ

...અનુસંધાન પાના 15 પર

બંને દેશો તરફથી કરાર પર કોણ હસ્તાક્ષર કરશે તે હજી નક્કી નહીં

શુક્રવારે ઈરાન તરફથી આ કરાર પર કોણ સહી કરશે તે સ્પષ્ટ નહોતું. અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વેન્સે ફોક્સ ન્યૂઝને જણાવ્યું હતું કે વ્હાઇટ હાઉસ હજી એ નક્કી કરી રહ્યું છે કે તેમાં કોણ હાજરી આપશે: મેં તો ચોક્કસપણે ત્યાં હાજર રહેવાનું આયોજન કર્યું જ છે, પરંતુ એ પણ શક્ય છે કે ખુદ પ્રમુખ પણ ત્યાં હાજર રહી શકે છે. આ કરાર પર હસ્તાક્ષરના ટાણે ટ્રમ્પ જી-૭ માટે સ્વીત્ઝર્લેન્ડના પાડોશમાં જ હશે. તેઓ પોતે અથવા ઉપપ્રમુખ ટ્રમ્પ કરાર પર ઇલેક્ટ્રોનિકલી હસ્તાક્ષર કરી શકે છે એમ એક સૂત્રએ જણાવ્યું હતું.

કરાર થયો , પરંતુ હજી પણ કેટલીક ચિંતાનો બાબતો

લેબનોનમાં ઇરાનના પ્રોક્સીઓ સાથે ઇઝરાયેલની લડાઇ ચિંતાનો વિષય છે. જ્યાં ઇઝરાયેલે રવિવારે બેરૂતના દક્ષિણ ઉપનગરો પર બોમ્બમારો કર્યો હતો, તેણે વાટાઘાટોને લગભગ પાટા પરથી ઉતારી દીધી હતી. બાદમાં ટ્રમ્પે ઇઝરાયેલના વડાપ્રધાનને ધમકાવ્યા હતા. લેબેનોનના મોરચે હજી પણ તંગદીલી છે. દરમિયાન, આ સમજૂતી ઈરાનના અત્યંત સંવર્ધિત યુરેનિયમના જથ્થા અને તેના પરમાણુ કાર્યક્રમનું શું કરવું તે ઉકેલવા માટે માત્ર ૬૦ દિવસનો સમય આપે છે. વર્ષ ૨૦૧૫માં વૈશ્વિક સત્તાઓ સાથેના તેહરાનના પરમાણુ કરારમાં આ મુદ્દાને ઉકેલવામાં વર્ષો લાગ્યા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળમાં અમેરિકાને તે કરારમાંથી એકપક્ષીય રીતે પાછું ખેંચી લીધું હતું, જેણે આ યુદ્ધમાં પરિણમેલી તણાવપૂર્ણ સ્થિતિની પૃષ્ઠભૂમિ તૈયાર કરી હતી.

કરારમાં છેલ્લી ઘડીએ ફેરફાર

ઈરાન હોર્મુઝમાં જહાજો પાસેથી ફી વસૂલી શકશે

ઇરાને દાવો કર્યો કે કરમુક્ત દરજ્જો માત્ર ૬૦ દિવસ માટે જ છે, પછી ઇરાનને ટોલ વસૂલવા દેવા અમેરિકા સંમત થયું છે

યુએસ અને ઈરાન વચ્ચેના ૧૦૭ દિવસના યુદ્ધનો અંત લાવવા માટે શાંતિ કરારની જાહેરાત થયાના ગણતરીના કલાકોમાં જ, હોર્મુઝની સામુદ્રધુની અંગે એક મોટો ખુલાસો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, છેલ્લી ઘડીએ કરવામાં આવેલા એક મહત્વપૂર્ણ ફેરફારને કારણે વૈશ્વિક શિપિંગના અર્થતંત્રમાં મોટો બદલાવ આવી શકે છે.

ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સી 'ફાર્સ' ના એક સ્ત્રોતે દાવો કર્યો છે કે, કરારના અંતિમ દસ્તાવેજમાં એવી ચોક્કસ ભાષા અને શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેને તેહરાન કોમર્શિયલ જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ફી (પસાર થવા માટેનો ટેક્સ) વસૂલવાની મંજૂરી તરીકે જોઈ રહ્યું છે.વિવાદ અને કરારની મુખ્ય વિગતો૬૦ દિવસની "છૂટ": યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂઆતમાં હોર્મુઝની સામુદ્રધુનીને ટોલ-ફ્રી

...અનુસંધાન પાના 15 પર

CJPના સ્થાપક અભિજીત દીપકેને થપ્પડ મારવામાં આવી

પરીક્ષામાં ગેરરીતિઓ, પ્રશ્નપત્ર લીક અને બેરોજગારીના મુદ્દે વિરોધ પ્રદર્શન યોજાયું હતું

હુમલાખોર બે યુવકોની પોલીસે કરી અટકાયત

જયપુર, તા. 15 (PTI): જયપુરમાં પરીક્ષા ગેરરીતિઓ, પ્રશ્નપત્ર લીક અને બેરોજગારીના મુદ્દે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકે પર હુમલો થવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, શહીદ સ્મારક ખાતે સમર્થકોના ખભા પર બેઠેલા દીપકેને ભીડમાં રહેલા બે યુવકોએ અનેક વખત થપ્પડ મારી હતી. ઘટનાના સંબંધમાં બે યુવકોની અટકાયત કરવામાં આવી છે.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. હુમલા બાદ દીપકે સભાને સંબોધતાં ધાર્મિક અને જાતિ આધારિત વિભાજનની રાજનીતિનો વિરોધ કર્યો અને લોકોને એકતા જાળવવાની અપીલ કરી. ત્યારબાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વીડિયો સંદેશમાં તેમણે આ હુમલાને તેમના આંદોલનને નબળું પાડવાનો પ્રયાસ ગણાવ્યો અને કહ્યું કે તેઓ આવા દબાણથી ડરવાના નથી. તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ ફરી દોહરાવી.

પ્રદર્શન દરમિયાન યુવાનો 'સ્ટોપ પેપર લીક' અને 'વી લવ ધ કન્ટ્રી, રિજેક્ટ કરપ્શન' જેવા સૂત્રો લખેલા પ્લેકાર્ડ્સ અને રાષ્ટ્રીય ધ્વજ સાથે દેખાયા હતા. કેટલીક મહિલાઓ પણ તેમના નાના બાળકો સાથે વિરોધ પ્રદર્શનમાં જોડાઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ, અટકાયત કરાયેલા આરોપીઓમાંના એક રાકેશ ગુર્જર દીપકે પર લોકોને ગેરમાર્ગે દોરવાનો આરોપ મૂક્યો હતો.

...અનુસંધાન પાના 15 પર

દિલ્હી ડાયરી

આર્થિક નીતિઓ પર એસજેએમ અને અર્થશાસ્ત્રીઓ વચ્ચે વિવાદ

અત્યારની આર્થિક કટોકટી અંગે સરકાર પર સીધો પ્રહાર ન કરવા છતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની આર્થિક પાંખ સ્વદેશી જાગરણ મંચ (એસજેએમ), એવા અર્થશાસ્ત્રીઓ સામે મોરચો માંડી રહી છે જેઓ દલીલ કરી રહ્યા છે કે, રૂપિયાના મૂલ્યમાં ઘટાડાની અસર નીતિ વિષયક નિર્ણયો પર નહીં પડવી જોઇએ.

એસજેએમના નેતા અશ્વિની મહાજને તાજેતરમાં અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથની એ દલીલ બદલ ટીકા કરી હતી જેમાં તેમણે રૂપિયાના અવમૂલ્યનને રોકવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)ના હસ્તક્ષેપનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે તેઓ "રૂપિયાને મુક્તપણે નીચે પડવા દેવાની દલીલ સમજમાં આવતી નથી." તેમના નિશાન પર તાજેતરમાં ૧૬મા નાણાં પંચના અધ્યક્ષ અરવિંદ પનગઢિયા આવ્યા હતા, જેમણે રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના સંદર્ભમાં કહ્યું હતું કે, "૧૦૦ એ માત્ર એક સંખ્યા છે, જેમ ૯૯ અને ૧૦૧ છે." આના પર મહાજને દલીલ કરી કે "કામચલાઉ ઉકેલો કામ નહીં કરે" અને તેના બદલે તેમણે આગ્રહ કર્યો કે સરકારે સ્થાનિક ઉદ્યોગોના રક્ષણ માટે પગલાં લેવા જોઇએ. તે ખૂબ જ વિચિત્ર

...અનુસંધાન પાના 15 પર

જથ્થાબંધ ફુગાવો મે મહિનામાં 9.68 ટકાની રેકોર્ડ સપાટીએ

છૂટક ફુગાવો પણ વધીને 16 મહિનાની ઊંચી સપાટીએ 3.93 ટકા પર પહોંચ્યો

સરકારે ફુગાવાના આધાર વર્ષને 2011-12થી બદલીને 2022-23 કર્યું

ઇંધણ અને વીજળીના ભાવમાં થયેલા વધારાને કારણે ફુગાવો વધ્યો

નવી દિલ્હી, તા. 15 (PTI): પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ઉર્જા ક્ષેત્રે લાગેલા આંચકાના પરિણામે ઈંધણ અને વીજળીના ભાવમાં થયેલા તીવ્ર વધારાને કારણે જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવો મે મહિનામાં વધીને 9.68 ટકાની રેકોર્ડ સપાટીએ પહોંચી ગયો છે, જે એપ્રિલમાં 8.26 ટકા હતો.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે સોમવારે આ વિગતો જાહેર કરવાની સાથે ફુગાવાના આધાર વર્ષને 2011-12થી બદલીને 2022-23 કર્યું છે, જે 9 વર્ષમાં પ્રથમ સુધારો છે. નવી વ્યવસ્થામાં વસ્તુઓની સંખ્યા 697 થી વધારીને 957 કરવામાં આવી છે, જેમાં સૌર, પવન અને પરમાણુ ઊર્જાનો પણ સમાવેશ કરાયો છે.

મંત્રાલયે ફેક્ટરીના ઉત્પાદન (આઉટપુટ) અને ઇનપુટ ભાવો પર નજર રાખવા માટે પ્રથમ વખત પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (PPI) પણ જાહેર કર્યો છે. આ ઉપરાંત, 7 સેવાઓ - બેંકિંગ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન, પેન્શન ફંડનું સંચાલન, વીમો, રેલવે, હવાઈ મુસાફરી (પેસેન્જર) અને ટેલિકોમ માટે સર્વિસીસ PPI જાહેર કરવામાં આવ્યો હતો.

સરકાર આગામી 5 વર્ષમાં ચાલુ વ્યવસ્થા બંધ કરીને વૈશ્વિક પદ્ધતિ મુજબ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (PPI) તરફ શિફ્ટ થવાની યોજના ધરાવે છે.

ખાસ કરીને ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ આ ફુગાવાના મુખ્ય ચાલક રહ્યા છે. ઈંધણ અને ઉર્જા ક્ષેત્રનો ફુગાવો મે મહિનામાં વધીને 30.33 ટકા થયો હતો, જ્યારે માત્ર ક્રૂડ પેટ્રોલિયમમાં ફુગાવો 61.51 ટકા નોંધાયો હતો. સ્ટ્રેટ ઓફ હોર્મુઝના અસરકારક નાકાબંધીને કારણે ક્રૂડના ભાવ વધ્યા છે, જેની અસર ખાદ્ય ચીજો પર પણ પડી છે અને ખાદ્ય ફુગાવો 3.60 ટકા થયો છે.

નિષ્ણાતોના મતે પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થતાં જૂન મહિનામાં ફુગાવો સામાન્ય ઘટીને 9.3 ટકા થઈ શકે છે, પરંતુ

...અનુસંધાન પાના 15 પર

ઈરાન કરાર પછી ક્રૂડ ગગડ્યું

બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ ૪.૮ ટકા ઘટીને ૮૩.૧૮ ડોલર પર આવી ગયા, જો કે યુદ્ધ પહેલાના ભાવ કરતા હજી પણ વધારે, વિશ્વભરના શેરબજારોમાં તેજી

અમેરિકી સૂચકઆંકોમાં મોટો વધારો, એશિયા અને યુરોપના શેરબજારો પણ ઉછળ્યા, નિક્કીમાં ૫ ટકાનો જંગી ઉછાળો

ન્યૂયોર્ક, તા. 15 (AP): અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ લંબાવવા અને વૈશ્વિક ક્રૂડના પ્રવાહને ફરી શરૂ કરવા માટે હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવા અંગે કામચલાઉ સમજૂતી થયા બાદ, સોમવારે વિશ્વભરના શેરબજારોમાં તેજી જોવા મળી છે અને ખનિજ તેલના ભાવમાં નરમાઈ આવી છે.

બે જ દિવસમાં રોકાણકારોની સંપત્તિ 18.15 લાખ કરોડ વધી

નવી દિલ્હી. પશ્ચિમ એશિયાના સંકટની ચિંતાઓ હળવી થતાં અને ક્રૂડ ઓઇલના ભાવ ઊંચા સ્તરેથી નીચે આવતાં શેરબજારમાં બે દિવસીય તેજીના કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 18.15 લાખ કરોડનો મોટો ઉછાળો આવ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે 107 દિવસ ચાલેલા યુદ્ધનો અંત લાવવા માટે ડીલ ફાઇનલ થયા બાદ વૈશ્વિક બજારના સેન્ટિમેન્ટને મોટો વેગ મળ્યો હતો. બે દિવસમાં, BSE સેન્સેક્સ 2,431.78 પોઈન્ટ્સ અથવા 3.29 ટકા ઉછળ્યો હતો. જ્યારે NSE નિફ્ટી 692.3 પોઈન્ટ્સ અથવા 2.98 ટકા વધ્યો હતો. સોમવારે, 30 શેરો ધરાવતો BSE સેન્સેક્સ 736.38 પોઈન્ટ્સ અથવા 0.97 ટકા વધીને 76,264.33 પર બંધ થયો હતો. તેમજ 50 શેરો ધરાવતો NSE નિફ્ટી 231 પોઈન્ટ્સ અથવા 0.98 ટકા વધીને 23,853.90 પર બંધ રહ્યો હતો. બે દિવસમાં BSE લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 18,15,339 કરોડ વધીને રૂ. 4,70,49,119.48 કરોડ થયું હતું. સોમવારે બ્રોડર માર્કેટમાં પણ તેજી જોવા મળી હતી, જેમાં BSE મિડકેપ સિલેક્ટ ઇન્ડેક્સ 1.66 ટકા અને સ્મોલકેપ સિલેક્ટ ઇન્ડેક્સ 1 ટકા વધ્યો હતો.

એસ એન્ડ પી 500 (S|P 500) માં ૧.૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. રોકાણકારોને આશા છે કે આ વખતે ઈરાન-અમેરિકા સમજૂતીની જાહેરાત એવા સંઘર્ષનો કાયમી ઉકેલ લાવશે, જેણે સમગ્ર વિશ્વમાં મોંઘવારીને ખૂબ જ પીડાદાયક સ્તરે વધારી દીધી છે. ઈસ્ટર્ન ટાઇમ મુજબ સવારે ૯:૩૫ વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૬૩૮ પોઇન્ટ અથવા ૧.૨ ટકા ઉપર હતો અને નાસ્ડેક કમ્પોઝિટ ૨.૩ ટકા પ્લસ હતો.

બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ ૪.૮ ટકા ઘટીને ૮૩.૧૮ ડોલર પર આવી જતાં શેરબજારોને વેગ મળ્યો હતો, જે માર્ચની શરૂઆતમાં હતો તેટલો જ ભાવ છે. જો કે, ત્રણ મહિના કરતાં વધુ સમય પહેલાં યુદ્ધ શરૂ થયું તે પહેલાંના આશરે ૭૦ યુએસ ડોલરના ભાવ કરતાં આ કિંમત હજી પણ વધારે છે, પરંતુ થોડા અઠવાડિયા પહેલાં જે ભાવ ૧૦૦ યુએસ ડોલરને પાર થઈ ગયો હતો તેના કરતાં ઓછો

...અનુસંધાન પાના 15 પર

ઈરાન કરાર છતાં તેલ અને ગેસનો પુરવઠો સામાન્ય થવામાં મહિનાઓ લાગશે: નિષ્ણાતો

કાચા તેલનું ધીમું શિપિંગ, રિફાઇનિંગની ધીમી પ્રક્રિયા અને હોર્મુઝમાં સુરક્ષાની શંકાઓ મુખ્ય કારણ

ઇરાક જેવા દેશો માટે ઉત્પાદનમાં સ્થિતિ સામાન્ય થવામાં 1 વર્ષ જેટલો સમય લાગી શકે

ન્યૂયોર્ક, તા. 15 (એપી): રવિવારે ઈરાન યુદ્ધ સમાપ્ત કરવા અને હોર્મુઝની સામુદ્રધુની ખોલવા માટેના કરારની જાહેરાત કરવામાં આવી હોવા છતાં, તેલ અને ગેસોલિનના ઊંચા ભાવો તેમજ પુરવઠાની સમસ્યાઓ રાતોરાત ઉકેલાશે નહીં.

ઉર્જા નિષ્ણાતોના જણાવ્યા મુજબ, તેલ કંપનીઓ વિશ્વની માગને પહોંચી વળવા માટે ફરીથી કાર્યરત થાય તે માટે મહિનાઓનો સમય લાગી શકે છે. કાચા તેલના શિપિંગ અને રિફાઇનિંગની ધીમી પ્રક્રિયા તેમજ સામુદ્રધુનીમાં મુસાફરીની સુરક્ષા અંગેની શંકાઓને કારણે તેની તાત્કાલિક અસર જોવા મળશે નહીં.

યુદ્ધ શરૂ થયા પહેલા વિશ્વના તેલ અને ગેસોલિન પુરવઠાનો આશરે 20

ટકા ભાગ જ્યાંથી પસાર થતો હતો તે જળમાર્ગમાં છેલ્લા 3 મહિના કરતાં વધુ સમયથી કાચા તેલથી ભરેલા જહાજો ફસાયેલા છે. નિષ્ણાતોના મતે, આ જહાજોને વીમો મળવા અને મિલકતો ફરી શરૂ કરવા માટે લોકોમાં વિશ્વાસ બેસવામાં સમય લાગશે. જોકે, સોમવારે સવારે કરારની જાહેરાત બાદ આંતરરાષ્ટ્રીય માપદંડ મુજબ બ્રેન્ટ ક્રૂડના ભાવ 3.45 ડોલર ઘટીને 83.89 ડોલર પ્રતિ બેરલ અને અમેરિકી ક્રૂડના ભાવ 4.03 ડોલર ઘટીને 80.85 ડોલર પ્રતિ બેરલ થયા છે. તેમ છતાં, આ ભાવ યુદ્ધ પહેલાના 70 ડોલરના સ્તર કરતા હજુ પણ ઘણા વધારે છે. સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત જેવા દેશો કે જેમની પાસે વૈકલ્પિક પાઇપલાઇન છે તેઓ ઉત્પાદન ઝડપથી શરૂ કરી શકશે, પરંતુ ઇરાક જેવા દેશો માટે સ્થિતિ સામાન્ય થવામાં 1 વર્ષ જેટલો સમય લાગી શકે છે.

દિલ્હીમાં બાંગ્લાદેશી પીએમના સલાહકાર અટકવાતા વિવાદ

દિલ્હી એરપોર્ટ પર અઢી કલાક રોક્યા!

નારાજ થઈને બાંગ્લાદેશી નેતા બેઠક છોડી ઢાકા પરત ફર્યા

ઢાકાએ ભારતીય ડેપ્યુટી હાઈ કમિશનરને કર્યા તલબ

નવી દિલ્હી-ઢાકા, તા. 15 (PTI): બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાનના નીતિ, વ્યૂહરચના અને માહિતી-પ્રસારણ બાબતોના સલાહકાર ડૉ. જાહેદ ઉર રહેમાનને નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અટકાવવાની ઘટનાને લઈને ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી વિવાદ ઊભો થયો છે. બાંગ્લાદેશે આ ઘટનાને લઈને ભારતના ડેપ્યુટી

...અનુસંધાન પાના 15 પર

તા. ૧૫-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૮.૦° સે.	૨૯.૨° સે.	૪૩%